**મહેસૂલ વિભાગ**

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક : જમન /૩૯૧૧/૩૧૯૪/ ગ

સચિવાલય, ગાંધીનગર. તા. ૦૧/૦૪/૨૦૧૫

**વંચાણેલીધો:-**

(૧) મહેસૂલ વિભાગનો તા:-૩૦/૧૨/૧૯૮૮ નો પરિપત્ર ક્રમાંક: જમન/૧૬૮૭/૩૭૦૯૮/ગ

**આમુખ :-**

લેન્ડરેવન્યુ કોડની કલમ૩૮ હેઠળ ગામે ગૌચર જમીન નીમ કરવાની સત્તા અને કલમ-૩૯ હેઠળ ગૌચર જમીનના ઉપયોગ નું નિયમન કરવાની સત્તા જિલ્લા કલેક્ટરશ્રીઓને આપવામાં આવી છે. ગામે ઢોરોની સંખ્યા, આજુબાજુ જંગલ વિસ્તારની ઉપલબ્ધિ, જમીનની ફળદ્રુપતા વગેરે ધ્યાને લઈ સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા તેઓને કેટલી ગૌચર જમીનની જરૂરિયાત છે, તેની માંગણી કલેક્ટરશ્રી સમક્ષ રજૂ કરવાની રહે છે. અને તે માંગણીની યથાર્થતા ચકાસી કલેક્ટરશ્રીઓ તેઓને મળેલ કાયદાકીય સત્તા અન્વયે જરૂરિયાત મુજબની જમીન ગૌચર જમીન તરીકે નીમ કરે છે, અને તેના વહીવટ માટે સંબંધિત ગ્રામ પંચાયતના હવાલે મૂકે છે. ગૌચર જમીન નીમ થયા બાદ ગૌચર જાળવણી અને નિભાવવાની સઘળી જવાબદારી મુખ્યત્વે પંચાયતની રહે છે.

તાજેતરમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્વારાસી. એ. નં. ૧૧૩૨/૨૦૧૧@એસએલપી (સી) ૩૧/૦૯/૨૦૧૧ જસપાલસિંઘ અને અન્ય વિરૂદ્ધ સ્ટેટ ઓફ પંજાબ એન્ડ અધર્સમાં નામ. સુપ્રિમ કોર્ટે સમાજના કલ્યાણ માટે તેમના હક્ક તરીકે અપાતી જમીનો ઉપરના દબાણોને દૂર કરવા તમામ રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારોને આદેશાત્મક સૂચનાઓ આપેલ છે. જેમાં આવી લોકોપયોગી જાહેર જમીનો ઉપરના દબાણો દૂર કરવા તેમજ તેનો યોગ્ય અમલ કરવા નિર્દેશો અપાયા છે. અલબત્ત આવા કિસ્સાઓમાં જયાં ભૂમિવિહિનોને લીઝ ઉપર જમીન અપાયેલ હોય અથવા તો અનુ. જાતિ, અનુ.જનજાતિના લોકોને જમીન રહેણાંક માટે અપાઈ હોય કે, જયાં સ્કૂલ, ડિસ્પેન્સરી કે બીજી જાહેર ઉપયોગીતા માટે વપરાઈ હોય તેવા દબાણો વિનિયમત કરવા સિવાયના અન્ય તમામ દબાણો દૂર કરવા સૂચના અપાઈ છે. ઉપરાંત તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટના રીટપીટીશન (પીઆઈએલ નં. ૧૫૫/૨૦૧૧) માં ચૌધરી લક્ષ્મણભાઈ પરથીભાઈ અને અન્યો વિરૂદ્ધ ગુજરાત સરકારના કેસમાં નામ. હાઈકોર્ટે તા. ૦૮/૦૮/૨૦૧૨ના રોજ આપેલ ગૌચર જમીન સંદર્ભમાં નીચે મુજબ હુકમ કરેલ છે.

"Keeping this in mind, we suggest to the State Government to review its resolutions passed in this regard from time to time and amend them accordingly. If the Government itself is not able to follow its own policy or strictly adhere to it, then it is meaningless to keep such a policy subsisting thereby giving rise to litigations in the nature of a public interest. It is high time that the State Government takes up this issue seriously and evolves a policy which is workable, practical and would protect the interest of one and all.

પી.આઈ.એલ. ૬૧/૨૦૧૨ માં નામદાર હાઈકોર્ટ દ્વારા ઉક્ત પી.આઈ.એલ. ૧૫૫/૨૦૧૧ માં કરેલ નિરીક્ષણ (ઓબ્ઝરવેશન) પ્રમાણે ગૌચર જમીનની ફાળવણી માટે નીચે પ્રમાણેનો અભિપ્રાય આપેલ છે.

…. We are of the view that many a times government may find, difficulties in allotting suitable land other than 'gauchar' land for public purpose. Under such circumstances, the other public purpose also could not be permitted to be overlooked or avoided….

…. we suggest to the State Government to review its resolutions passed in this regard from time to time and amend them accordingly….

…. It is high time that the State Government takes up this issue seriously and evolves a policy which is workable, practical and would protect the interest of one and all….

ઉપર્યુક્ત જોગવાઈઓનાપરિપ્રેક્ષ્યમાં ગૌચર જાળવણી અને વિકાસ સંદર્ભમાં રાજ્ય સરકાર ચિંતિત હોઈ સંકલિત ગૌચર નીતિના ઘડતર, આયોજન અને અમલ ને લગતી બાબત આખરી કરવા પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે..

ઠરાવ :-

## (ભાગ: ૧): ગૌચર ડેવલપમેન્ટ મિશન

ગૌચર ડેવલપમેન્ટના મિશન અંતર્ગત ગૌચરનો વિકાસ, સંવર્ધન અને જાળવણી માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

**(અ)ગૌચર વિકાસ-**

(૧) ગૌચર તરીકે રખાયેલ જમીનોનો ગૌચર ડેવલપમેન્ટ મિશન હેઠળ આગામી પાંચ વર્ષમાં વિકાસ કરવાનું આયોજન કરી સરકારશ્રી ઠરાવે તે સંસ્થા દ્વારા અમલીકરણ કરાશે.

(૨) પ્રથમ તબક્કે ઔદ્યોગિક જમીન ફાળવણીથી ગૌચર સુધારણા માટે રકમ મેળવેલ ગ્રામ પંચાયતો અને ગૌસેવા ગૌચર વિકાસ બોર્ડ દ્વારા આ ઠરાવમાં સૂચવેલ માર્ગદર્શિકાને ધ્યાને લઈ રાજ્ય ગૌચર બોર્ડ દ્વારા સૂચવેલ ગ્રામ પંચાયતોમાંથી રાજ્ય ગૌચર વિકાસ સમિતીદ્વારા નિર્દિષ્ટ/નક્કી કરેલ ગ્રામ પંચાયત મળી પ્રથમ તબક્કે ૧૦૦ ગ્રામ પંચાયતમાં ગૌચર વિકાસની કામગીરી હાથ ધરવામાં આવશે. તથા તેના અનુભવોની રાજ્ય ગૌચર વિકાસ સમિતિ સમીક્ષા કરી યોજનામાં જરૂરી સુધારા વધારા સાથે દર વર્ષે નવી નવી ગ્રામ પંચાયતોનો ઉમેરો કરશે. આમ સમગ્ર રાજ્યના ગૌચર વિકાસની કામગીરી યોજના સ્વરૂપે ક્રમાનુસાર હાથ ધરવામાં આવશે.

(૩) ગૌચર વિકાસ માટે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ નાણાકીય હિસાબ તથા ફાળવણી, સુપરવિઝન, વહીવટી કામગીરી વગેરે તમામ હેતુ માટે નોડલ એજન્સી રહેશે અને ગૌચર ડેવલપમેન્ટ મિશન અમલીકરણની તમામ જવાબદારી બોર્ડની રહેશે. બોર્ડ દ્વારા મંજૂર થયેલ ગામોના ગૌચર વિકાસ માટે કરવાના કામોનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ નકશા અંદાજો સાથે તૈયાર કરી ગામ ગૌચર વિકાસ સમિતિની ભલામણ સાથે નિયત રકમની સત્તામર્યાદા મુજબ સત્તા ધરાવનાર સબંધિત સમિતિને રજૂ કરી વહીવટી મંજૂરી મેળવી નિયત અમલીકરણ એજન્સી મારફત ગૌચર વિકાસના કામો હાથ ધરી ગૌચર વિકાસ કરાશે.

(૪) તાંત્રિક માર્ગદર્શન/મંજૂરી એટીવીટી હસ્તકના નાયબ કાર્યપાલક ઈજનેર અને જો તે ન હોય તો સંબંધિત જિલ્લા/તાલુકા પંચાયત કચેરીના તાંત્રિક નાયબ કાર્યપાલક ઈજનેર કક્ષાના અધિકારીઓ દ્વારા આપવાનું રહેશે.

(૫) ઔદ્યોગિક હેતુ માટે ફાળવણીથી ઉપલબ્ધ થતી ગૌચર વિકાસની રકમ "ગૌચર વિકાસ રીવોલ્વીંગ ફંડ" માં રાખવામાં આવશે અને તેમાંથી પસંદ થયેલ ગામોના ગૌચર વિકાસ માટે રાજ્ય ગૌચર સમિતિ દ્વારા રકમ મંજૂર કરવામાં આવશે.

(૬) ગૌચર વિકાસ રીવોલ્વીંગ ફંડ બજેટ વ્યવસ્થા માટે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ દ્વારા ઊભું કરવામાં આવશે તથા વિભાગ દ્વારા તેમાંથી અમલીકરણ પ્રોજેક્ટની પ્રગતિને ધ્યાને લઈ ગૌસેવા આયોગ અને ગૌચર વિકાસ બોર્ડને ગ્રાન્ટ ફાળવણી કરાશે. બોર્ડ દ્વારા મંજૂર થયેલ પ્રોજેક્ટ માટે અમલીકરણ સંસ્થાઓને નિયમસરની કામની તપાસણી, માપો વગેરે ચકાસી ચૂકવણાં કરવાના રહેશે અને તેમાં ઔદ્યોગિક વિકાસ માટે અપાતી જમીનની ફાળવણીમાં ગૌચર સુધારણા માટેની ઉપલબ્ધ થતી રકમ તેમાં ઉમેરાતી રહેશે. ઔદ્યોગિક હેતુસર તબદીલી સ્વરૂપે કે અન્ય પ્રકારે મળેલ ગૌચર સુધારણા ફંડની રકમ સદરહુ રીવોલ્વીંગ ફંડના સદરે સબંધિતોએ જમા કરવાની રહેશે.

(૭) ગૌચર વિકાસ માટે રીવોલ્વીંગ ફંડની રકમ ઉપરાંત જુદી જુદી યોજનાની જો કોઈ રકમ ઉપલબ્ધ થતી હોય તો તે સાથે કન્વર્ઝન્સ કરવાનું રહેશે જેમ કે મનરેગા, વોટરશેડ વગેરે તથા કામો અને ખર્ચનું ડુપ્લીકેશન ન થાય તેની અમલીકરણ એજન્સી તથા સુપરવીઝન સમિતિઓએ કાળજી લેવાની રહેશે.

**(૮) ગૌચર વિકાસ પ્રોજેક્ટ મંજૂરી સત્તા:-**

ગૌચર વિકાસ માટે રૂપિયા ૫૦ લાખ સુધીની સત્તા તાલુકા ગૌચર વિકાસ સમિતિને, ૫૦ લાખથી ઉપર અને એક કરોડ સુધીની રકમની સત્તા જિલ્લા ગૌચર વિકાસ સમિતિ અને એક કરોડ ઉપરની રકમના તમામ પ્રોજેક્ટની મંજુરીની સત્તા રાજ્ય ગૌચર વિકાસ સમિતિની રહેશે.

(૯) ગૌચર જમીનમાંથી ઔદ્યોગિક જમીન ફાળવણીથી ગૌચર સુધારણા માટે ગ્રામ પંચાયતને મળેલ રકમના ૫૦ ટકા અથવા રૂ ૧(એક) કરોડ બે માંથી જે ઓછું હોય તે રકમ તે ગામના ગૌચર વિકાસ પ્રોજેક્ટ માટે ઉપયોગમાં લેવાની રહેશે.

(૧૦) ગૌચરની જમીનોને ઘાસચારા વાવેતર, પથરાળ હોય ત્યાં ફળાઉ અને બળતણ માટે જરૂરી વૃક્ષોના વાવેતર માટે આવરી લઈ ગૌચર જમીનના પ્રકાર મુજબ તેને વિકસાવવાની રહેશે.

(૧૧) ગૌચર વિકાસ માટે ગામોની પસંદગીમાં નર્મદા યોજના, સુજલામસુફલામ યોજના અન્ય સિંચાઈ યોજનાઓના કમાન્ડમાં આવેલ જમીનો અને નજીકના ગામોને તથા નિર્મળ અને સમરસ ગામોને અગ્રતા આપવાની રહેશે. જે ગામની ગૌચર જમીન ઔદ્યોગિક વિકાસ માટે લેવાઈ હોય તથા ગૌચર સુધારણા રકમ ઉપલબ્ધ થયેલ હોય તે ગામો પણ યાદીમાં અગ્રતાથી લેવામાં આવશે.

(૧૨) ધર્મજ ગૌચર વિકાસ મોડલને ધ્યાને લઈ ઘાસચારો, વૃક્ષારોપણ , પર્યાવરણ જાળવણી, પર્યટન સ્થળ જેવા પ્રકારની સવલતો તથા ઘાસ વેચાણની વ્યવસ્થા કરી ખર્ચ સામે આવકની વ્યવસ્થાની ગોઠવણ કરી જે તે ગામ માટે ગૌચર વિકાસનું મોડલ તૈયાર કરતી વખતે ધ્યાને લેવાનું રહેશે.

(૧૩) ગૌચર વિકાસ ફંડ માંથી સામાન્ય સંજોગોમાં નીચે મુજબના કામો લઈ શકાશે.

(૧) વાયરફેન્સીંગ

(૨) લેન્ડલેવલીંગ

(૩) ટોપ સોઈલઈમ્પ્રુવમેન્ટ

(૪) માઈક્રો ઈરિગેશન.

(૫) ઈલેકટ્રીક કનેકશન, પાણીના સાધનો જેવા કે ટયુબવેલ, કૂવો વગેરે

(૬) ગૌચર વિકાસ માટે સીંગલફેઝ વીજળી

(૭) મીકેનાઈઝડ ચેક, ઢોર માટે પાણીના હવાડા

(૮) ગાંડા બાવળનો નિકાલ.

(૯) પ્લાન્ટેશન ઓફ ગ્રાસ એન્ડ ટ્રીઝ

(૧૦) ઘાસચારા ઉત્પાદન સંગ્રહ અને વિતરણ

(૧૧) અન્ય આનુષંગિક પ્રવૃત્તિઓ

**નોંધ– રાજય ગૌચર વિકાસ સમિતિ ખાસ કિસ્સામાં ઉપરની યાદી સિવાયના કામો મંજૂર કરી શકશે.**

(૧૪) પાણીના કરકસર પૂર્વકના ઉપયોગ માટે ગૌચર વિકાસ માટે ડ્રીપ ઈરિગેશન, સ્પ્રીંકલર જેવી આધુનિક પદ્ધતિથી સિંચાઈ/પાણીની ઉપલબ્ધતા કરવામાં આવશે.

(૧૫) ફળાઉ અને બિનફળાઉ વૃક્ષોમાંથી ગામની ફૂડ, ફાયબર, ફ્યુઅલ, તથા ઘરગથ્થું કચરાના ઉપયોગમાંથી ગેસ ઉત્પાદન જેવી જરૂરિયાતો સંતોષવાની રહેશે.

(૧૬) ઉગાડવામાં આવતુ ઘાસ જેઓની પાસે જમીન ન હોઈ તેવા તથા જરૂરિયાતવાળા પશુપાલકોને અગ્રતા આપીને ઘાસકાર્ડ દ્વારા કિફાયતી ભાવે વિતરણ તેમજ વધારાના ઘાસનો સંગ્રહ કરીને ઘાસ વ્યવસ્થાપનની કામગીરી જે તે ગ્રામ પંચાયતે કરવાની રહેશે.

(૧૭) જે ગામમાં ઢોરનું પ્રમાણ ઓછુ હોય અને ઘાસનું ઉત્પાદન અધિક હોય તેવા કિસ્સામાં આવા ઘાસનું વિતરણ અન્ય જરૂરિયાત મંદ ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ પંચાયત નકકી કરે તેવી શરતો અને બોલીઓને આધીન વેચાણ કરવાનું રહેશે.

(૧૮) ગૌચર વિકાસ માટે ગ્રામ પંચાયત ઉપરાંત નીચે મુજબની સંસ્થા / સંસ્થાઓને અમલીકરણ એજન્સી તરીકે મંજૂર રાખી શકાશે.

- મહિલા દૂધ સહકારી મંડળી/ગ્રામ દૂધ સહકારી મંડળી
- મહિલા સખી મંડળ, કે જે ડેરી / પશુપાલન સાથે સંકળાયેલા હોય અને સારી નાણાંકીય પરિસ્થિતિ ધરાવતી હોય.
- ખાસ સહકારી મંડળી દા.ત. વૃક્ષ ઉછેર સહકારી મંડળી, સરકારી ખરાબાને વિકસિત કરી શકે તેવી સ્થાનિક મંડળી.
- પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળી.
- વોટર શેડ ડેવ. કમિટિ
- સ્થાનિક કિસાન ગૃપ
- સ્થાનિક શૈક્ષણિક સંસ્થાઓ– કોલેજ/માધ્યમિક/ઉચ્ચતર શાળાઓ, કૃષિ શાળાઓ વગેરે
- પાણી સમિતિ
- મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન સમિતિ
- ગૌસેવા આયોગ અને ગૌચર વિકાસ બોર્ડ

## (૧૯) ગ્રામ પંચાયતના નિર્દિષ્ટ કાર્યો

- ગ્રામ ગૌચર વિકાસ સમિતિનીભલામણો ધ્યાને રાખી ગૌચર સુધારણાની તમામ કામગીરી ગ્રામ પંચાયત દ્વારા હાથ ધરવામાં આવશે.
- ગ્રામ પંચાયત ગૌચરના વિકાસ માટે ઉપલબ્ધ ગૌચર પૈકી પોતાની જરૂરીયાતને અનુલક્ષીને રાજ્ય સરકારની જુદી-જુદી યોજનાઓ હેઠળ ગૌચર સુધારણા તથા અમલીકરણ માટેનું આયોજન કરશે.
- સ્થાનિક કૃષિ/હવામાન પરિસ્થિતિને અનુલક્ષીને ગ્રામ્ય કક્ષાની જરૂરીયાતના આધારે કયા પ્રકારનું ઘાસ ઉગાડવું અને તેની સાથો સાથ ગ્રામ્ય કક્ષાની ફયુઅલ, ફાઈબર અને ફુડની જરૂરીયાત સંતોષાય તે રીતે ગૌચર વિકાસ કરવાની બાબત અનુલક્ષીને ફળાઉ અને બિનફળાઉ વૃક્ષોના વાવેતરના આયોજનની રૂપરેખા તૈયાર કરવાની રહેશે.
- સ્થાનિક લોકોના સહયોગથી અથવા નક્કી કરવામાં આવેલી અમલીકરણ એજન્સી દ્વારા ગૌચર વિકાસની કામગીરી હાથ ધરવાની રહેશે.

## (૨૦) ગૌચર વિકાસ માટે સંસ્થાકીય પ્રબંધનઃ-

ગ્રામ પંચાયત પાસે નાણાકીય સાધનોની મર્યાદા, તાંત્રિક કૌશલ્યના અભાવને લક્ષમાં લેતા ગ્રામ પંચાયતને સલાહ-સૂચન, માર્ગદર્શન દ્વારા ગ્રામ પંચાયતના સશક્તિકરણ માટે નીચે દર્શાવ્યા મુજબની વિલેજ ગૌચર ડેવલપમેન્ટ સમિતિની રચના કરવામાં આવશે.

**ગામ ગૌચર વિકાસ સમિતિ.**

- ઓછામાં ઓછા પાંચ અને વધુમાં વધુ દસ સભ્યો
- સરપંચશ્રી – અધ્યક્ષ
- સ્થાનિક ગ્રામ્ય કક્ષાના ૨ પ્રગતિશીલ પશુપાલકો / ખેડૂતો –સભ્ય
- ગામના ૨ પ્રબુદ્ધ નાગરિકો જેમા શાળાના આચાર્યનો સમાવેશ કરવાનો રહેશે–સભ્ય
- ડેરી/ઘાસ સમિતિ હોય તો તેના બે પ્રતિનિધિઓ– સભ્ય
- ગ્રામ સભા ઠરાવે તેવા બે પ્રતિનિધિઓ– સભ્ય
- ગ્રામ સખી મંડળ કે મહિલા મંડળના બે પ્રતિનિધિ – સભ્ય
- તલાટી/ ગ્રામ સેવક – સભ્યસચિવ

**કાર્યક્ષેત્ર**

- ગૌચર સંરક્ષણ અને વિકાસના સૂચનો કરવા.
- અમલીકરણ એજન્સી અંગે ભલામણ કરવી.
- લોક ભાગીદારી તથા સ્થાનિક સંસ્થાઓનો સહયોગ મેળવવો.
- અમલીકરણ એજન્સીને પ્રોજેક્ટ તૈયાર કરવામાં તથા અમલીકરણ માં સહયોગ આપશે.

## (૨૧) તાલુકા ગૌચર વિકાસ સમિતિ

તાલુકાના ગૌચર વિકાસ માટે પસંદ થયેલ ગામોના પ્રોજેકટની પ્રગતિની સમીક્ષા તથા સલાહ સૂચન અર્થે નીચે મુજબ તાલુકા ગૌચર વિકાસ સમિતિ રહેશે.

(૧) પ્રાંત અધિકારીશ્રી–અધ્યક્ષ
(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી– સભ્ય સચિવ
(૩) મદદનીશ ખેતી નિયામકશ્રી–સભ્ય
(૪) તાલુકા ફોરેસ્ટ ઓફિસરશ્રી–સભ્ય
(૫) વેટેનરી ઓફિસરશ્રી–સચિવ
(૬) શાળાના આચાર્ય–સભ્ય
(૭) મામલતદારશ્રી–સભ્ય
(૮) નાયબ કાર્યપાલક ઈજનેર(ATVT)

સમિતિનાં અધ્યક્ષ જરૂરિયાત મુજબ અન્ય અધિકારીને કો-ઓપ્ટ કરી શકશે.

**તાલુકા ગૌચર વિકાસ સમિતિનું કાર્ય.**

- સત્તામર્યાદા મુજબના પ્રોજેક્ટ મંજૂર કરવા મંજૂર થયેલ પ્રોજેકટના અમલીકરણની સમીક્ષા કરવી તથા કામો પર દેખરેખ રાખવી.
- જુદી જુદીયોજનાઓનું કન્વર્ઝન્સ.
- અમલીકરણમાં નાણાકીય ગેરરીતિ ન થાય તેની તકેદારી
- કામગીરીની પ્રગતિનું સુપરવિઝન અને મોનીટરીંગ

ઉક્ત સમિતિની બેઠક અચૂક દર માસે એક વખત તાલુકા સંકલન સમિતી સાથે મળશે તથા આ સમિતિમાં સંબંધિત સભ્યોએ પોતે જ ભાગ લેવાનો રહેશે.

**(૨૨) જિલ્લા ગૌચર વિકાસ સમિતિ–**

ગૌચર વિકાસ માટે પસંદ થયેલ ગામોના પ્રોજેકટોને વહીવટી અને નાણાકીય મંજૂરી આપવા તથા જિલ્લાના ગૌચર વિકાસની રૂપરેખા તૈયાર કરવા નીચે મુજબ જિલ્લા ગૌચર વિકાસ સમિતિ રહેશે.

(૧) જિલ્લા કલેકટરશ્રી– અધ્યક્ષ
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી–સભ્ય
(૩) નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી –સભ્ય
(૪) પ્રાંત અધિકારી (તાલુકા ગૌચર સમિતિના અધ્યક્ષ ) – સભ્ય
(૫) જિલ્લા ખેતીવાડી ઓફીસરશ્રી–સભ્ય
(૬) નાયબ પશુપાલન નિયામકશ્રી–સભ્ય
(૭) ડીસ્ટ્રીકટ ફોરેસ્ટ ઓફિસરશ્રી–સભ્ય
(૮) યોજનાને ફંડીગ કરનાર કચેરીના હિસાબ અધિકારીઓ–સભ્ય
(૯) નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત)– સભ્ય સચિવ
અધ્યક્ષ જરૂરિયાત મુજબ અન્ય અધિકારીશ્રીને કો–ઓપ્ટ કરી શકશે.

**જિલ્લા ગૌચર વિકાસ સમિતિનું કાર્ય.**

- ગૌચર વિકાસ માટે પસંદ થયેલ પોતાની સત્તામર્યાદા માં આવતા ગામોની ગૌચર વિકાસ પ્રોજેકટને વહીવટી અને નાણાકીય મંજૂરી આપવી.
- સત્તામર્યાદા મુજબના પ્રોજેક્ટ મંજૂર કરવા, મંજૂર પ્રોજેકટના અમલીકરણ અને પ્રશ્નોની સમીક્ષા અને નિરાકરણ.
- ગ્રામ પંચાયત તથા તાલુકા સમિતિને સલાહ–સૂચન, માર્ગદર્શન
- જિલ્લાની ગૌચર સુધારણાની તમામ પ્રવૃતિઓનું સંકલન
- જુદી–જુદી યોજનાઓનું કન્વર્ઝન્સ સમીક્ષા
- વહીવટી દેખરેખ, નાણાકીય નિયંત્રણ, પ્રોજેક્ટ મંજૂરી
- કામગીરીની પ્રગતિનું સુપરવિઝન અને મોનીટરીંગ

ઉક્ત સમિતિની બેઠક દર માસે એક વખત સંકલન સમિતિની સાથે મળશે તથા આ સમિતિમાં સંબંધિત સભ્યોએ પોતે જ ભાગ લેવાનો રહેશે.

**(૨૩) રાજ્ય ગૌચર વિકાસ સમિતિ.**

સમગ્ર રાજ્યના ગૌચર વિકાસની કામગીરીની નીતિ ઘડતર, પ્રશ્નોના ઉકેલ તથા ગૌચર વિકાસ માટે માર્ગદર્શન આપવા અને રાજ્ય નીતિ મુજબ અમલીકરણની બાબતોની સમીક્ષા કરી સુધારાત્મક પગલાં લેવા નીચે મુજબ રાજ્ય ગૌચર વિકાસ સમિતિ રહેશે.

- પંચાયત મંત્રીશ્રી, (અધ્યક્ષ)
- અગ્ર સચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ (સભ્ય)
- અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,(સભ્ય)
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ (સભ્ય)

- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર(સભ્ય)
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, (સભ્ય સચિવ)
- સેટલમેન્ટ કમીશ્નર અને જમીન દફતર નિયામકશ્રી (સભ્ય)
- સચિવ અને કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ (સભ્ય)
- સચિવશ્રી, પશુપાલન (સભ્ય)
- અધ્યક્ષશ્રી, ગૌ સેવા આયોગ અને ગૌચર સુધારણા બોર્ડ(સભ્ય)

સમિતિનાં અધ્યક્ષ જરૂરિયાત મુજબ અન્ય અધિકારીશ્રીને કો-ઓપ્ટ કરી શકશે.

**રાજ્ય ગૌચર વિકાસ સમિતિનું કાર્ય.**

- ગૌચર વિકાસ અંગે નીતિ ઘડતર અને માર્ગ દર્શન તથા સત્તામર્યાદા મુજબના પ્રોજેક્ટ મંજૂર કરવા.
- ગૌચર જમીન સુધારણા ઉપરાંત ગૌચર વિસ્તાર સમીક્ષા, વધારો, ઘટાડો તથા ધોરણો (નોર્મસ)ની સમીક્ષા કરવી.
- ગૌચર જમીન પરના દબાણોની સમીક્ષા.

**(બ) ગૌચરની જાળવણી અને દબાણો અને હદ નિશાન:-**

- જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગૌચર જમીન પરના દબાણો ઝુંબેશના સ્વરૂપે દૂર કરવાના રહેશે, તેમજ નવા દબાણો ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.
- રીસર્વેની કામગીરી દરમ્યાન કલેક્ટર, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી,ગ્રામ સેવક તથા ગ્રામ પંચાયતે ગામે ગૌચર ની જમીન સુનિશ્ચિત કરી, ખૂંટ માપ ફરજિયાત પણે લગાવવાનો રહેશે.
- ગૌચરની જમીન પરના દબાણો કોઈપણ સંજોગોમાં કોઈપણ સ્તરે નિયમિત કરવાના રહેશે નહીં.
- ગૌચરની તમામ જમીનની માપણી ડી. આઈ. એલ. આર. પાસે કરાવી ગામે ઉપલબ્ધ ગૌચરની માહિતી રાખવાની રહેશે.
- ગૌચર વિસ્તારને સેટેલાઇટ ઇમેજથી મેપીંગ કરીને અલગ તારવવા તેમજ પ્રતિવર્ષ તબક્કાવાર જી.પી.એસ. દ્વારા બાઉન્ડ્રી ડીમાર્કેશન કરીને રક્ષિત કરવાનું આયોજન, સેટલમેન્ટ કમિશ્નરશ્રી દ્વારા કલેક્ટરશ્રીઓએ અને સ્થાનિક વહીવટી તંત્રના પરામર્શમાં હાથ ધરવાનું રહેશે. ગૌચરને લગતું રેવન્યુ રેકર્ડ સેટેલાઇટ ઇમેજ સાથે સ્થાનિક ગ્રામ પંચાયત/તાલુકા/જિલ્લા પંચાયત અને કલેક્ટર હસ્તક રાખવાનું રહેશે.
- સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી દ્વારા સર્વે અને સેટલમેન્ટની કામગીરી કરવાની રહેશે અને ગૌચરના હદ નિશાન માટેનું પ્રબંધન ગ્રામ પંચાયત મારફત હાથ ધરવાનું રહેશે. સેટલમેન્ટ કમિશ્નરશ્રીએ જરૂરી નાણાકીય જોગવાઈ કરવાની રહેશે.

**(ભાગ:૨) : ગૌચર નીતિ**

**(૧) જાહેર ઉપયોગિતાના કામો:-**

સામાન્ય રીતે ગૌચરની ઉપલબ્ધ જમીન ઓછી ન થાય તે રીતે તમામ હેતુ માટે ગૌચરની જમીન ફાળવણી ઉપર નિયંત્રણ રાખવું, આમ છતાં જાહેર ઉપયોગીતાના મહત્વના કામો જેવાં કે,

(A) ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન (જેટકો) અને સરકાર હસ્તકની અન્ય વીજ કંપનીના સબસ્ટેશનો, પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થાની યોજનાઓ.

(B) સરદાર સરોવર નર્મદા નિગમ લિ. તેમજ અન્ય સિંચાઇ યોજનાઓ.

(C) રાજ્ય સરકાર / કેન્દ્ર સરકારની કચેરીઓ, રસ્તાઓ પુલો, રેલ્વે, જેવા હેતુ.

આ પ્રકારે જ્યારે સરકારી હેતુસર ગૌચરમાંથી, જમીન લેવાની થાય, ત્યારે તેવા પ્રસંગે લેવામાં આવેલ નજીકની ખાનગી અથવા સરકારી પડતર જમીન સબંધિત વિભાગે તેટલા જ પ્રમાણમાં ખરીદીને કલેક્ટરશ્રીને હવાલે મુકવાની રહેશે, જે ત્યારબાદ કલેક્ટરશ્રીઓએ ગૌચર તરીકે નીમ કરવાની રહેશે તથા ગ્રામપંચાયતના હવાલે મુકવાની રહેશે.

આ માટે જમીન ઉપરાંત જમીનની જંત્રી કિંમતના ૩૦ ટકા રકમ ગૌચરની જમીનના વિકાસ માટે સરકારને ચુકવવાની ર જે રકમ પંચાયતને સુપ્રત કરવાની રહેશે.

**શૈક્ષણિક, આરોગ્ય અને બીજા સામાજિક ક્ષેત્ર (Social sector) ના કામો:-**

(A) <u>સરકારી / સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સંચાલિત</u> શૈક્ષણિક આરોગ્ય અને બીજા સામાજિક ક્ષેત્ર (Social sector) સામાન્ય રીતે સરકારી જમીનની જ ફાળવણી કરવાની રહેશે, આમ છતાં, ગૌચર જમીનની ફાળવણી કરવાની થાય તો, કલેક્ટરશ્રીઓએ માંગણીવાળી ગૌચરની જમીન જેટલી જ અન્ય સરકારી પડતર જમીન ગૌચર તરીકે નીમ કરવાની રહેશે, તે શરતે જ ગૌચર સદરની દરખાસ્ત કરી શકાશે.

(B) **<u>શૈક્ષણિક અને આરોગ્ય (ખાનગી સંસ્થાઓ)</u>**

**ની તમામ શરતો સંતોષાય તો જ, ગૌચરની જમીનની ફાળવણી કરવાની રહેશે.**

(a) ગામે અન્ય જમીન ઉપલબ્ધ્ ન હોય તો, અરજદાર સંસ્થાની માંગણીવાળી ગૌચરની જમીન જેટલી જ વૈકલ્પિક અન્ય સરકારી / ખાનગી જમીન સંસ્થાએ ખરીદી ગૌચર તરીકે નીમ કરવા સુપ્રત કરવાની રહેશે, આ ખરીદીને સુપ્રત કરવામાં આવતી જમીનોની કિંમત નક્કી કરવા માટે જે હેતુ માટે જમીન ફાળવવાની છે, તે જમીનનો હેતુ / ઉપયોગ ધ્યાનમાં લઈને બન્ને જમીનોની જંત્રી કિંમતનો તફાવત ગણવાનો રહેશે, આ ઉપરાંત અદલા - બદલાથી પ્રાપ્ત થતી જમીન સામે પ્રવર્તમાન નિયમો ધ્યાને રાખી નવી શરતે જ ગૌચરની જમીન ફાળવવાની રહેશે.

(b) ગૌચરની જમીન અને તેના બદલામાં માંગણીદાર સંસ્થા દ્વારા આપવામાં આવતી અન્ય સરકારી / ખાનગી જમીન પૈકી ગૌચરની જમીનની કિંમત વધારે હોય તો, તફાવતની રકમ સરકારમાં જમા કરાવવાની રહેશે. અને જમીનની પ્રવર્તમાન જંત્રીના ૩૦ ટકા રકમ વધારે આપવાની રહેશે. જે રકમ પંચાયતને સુપ્રત કરવાની રહેશે.

(c) જો માંગણીદાર સંસ્થા દ્વારા આપવાની વૈકલ્પિક અન્ય સરકારી / ખાનગી જમીનની કિંમત વધારે થાય તો, સરકાર દ્વારા કોઈ તફાવતની રકમ ચુકવવાની રહેશે નહીં તદ્ઉપરાંત ૩૦% રકમ (જંત્રીના) નિયમાનુસાર વસૂલ કરવાપાત્ર રહેશે.

(d) ગૌચર જમીનના બદલામાં સંસ્થા દ્વારા જે સરકારી / ખાનગી જમીન ખરીદીને આપવામાં આવે તે જમીન ગૌચર માટે અનુકૂળ હોવી જરૂરી છે.

(e) સબંધિત વિભાગ દ્વારા નિયત કરાયેલા ધોરણો પ્રમાણે મળવાપાત્ર હોય તેટલી જ જમીન આપવાની રહેશે.

(f) ગામે ગૌચરની જમીનમાં ઘટાડો ન થાય તે મુખ્યત્વે જોવાનું રહેશે.

**(૩) ઔદ્યોગિક અને આંતર માળખાકીય સવલતો/ હેતુઓ માંટે ગૌચરની જમીનની ફાળવણી:-**

"ઔદ્યોગિક હેતુ માટે સામાન્ય સંજોગોમાં ગૌચરની જમીનની ફાળવણી ન કરવી, પરંતુ અત્યંત અનિવાર્ય હોય ત્યારે, સ્થાનિક લોકોનું હિત હોય તેવા હેતુઓ તથા ગૌચર જમીન સિવાય ઉદ્યોગ સ્થાપવાનું શકય ના હોય ત્યારે જ નીચેની તમામ શરતો સંતોષાય તે રીતે ગૌચરની જમીનની ઉદ્યોગો માટે ફાળવણી કરવાની રહેશે.

**શરતો:-**

(A) ઔદ્યોગિક એકમે ગૌચર જમીનના બદલામાં તેટલી જ ખાનગી જમીન ખરીદીને કલેક્ટરશ્રીને સોંપવાની રહેશે, તથા આ ખરીદીને સુપ્રત કરવામાં આવતી જમીનોની કિંમત નક્કી કરવા માટે જે હેતુ માટે જમીન ફાળવવાની છે, તે જમીનનો હેતુ / ઉપયોગ ધ્યાનમાં લઈને બન્ને જમીનોની જંત્રી કિંમતનો તફાવત ગણવાનો રહેશે, આ ઉપરાંત અદલા - બદલાથી પ્રાપ્ત થતી જમીન સામે પ્રવર્તમાન નિયમો ધ્યાને રાખી નવી શરતે જ ગૌચરની જમીન ફાળવવાની રહેશે. તે ઉપરાંત ગૌચરની જમીનના વિકાસ માટે ૪૦ ટકા જંત્રીની કિંમત મુજબની રકમ સરકારને ચૂકવવાની રહેશે. જે રકમ પંચાયતને ગૌચર ફંડ તરીકે સુપ્રત કરવાની રહેશે. જે તમામ રકમ ગૌચર વિકાસ રીવોલ્વીંગ ફંડમાં જમા કરવાની રહેશે.

(B) કલેક્ટરશ્રીઓએ આ પ્રકારે ઔદ્યોગિક ગૃહ તરફથી મળતી જમીન ગૌચર તરીકે તુરત જ નીમ કરવાની રહેશે અને મહેસૂલી રેકર્ડમાં નોંધ કરવાની રહેશે.

(C) અદલા બદલાથી ગૌચરની જમીન ફાળવવાની થાય ત્યારે શકય હોય ત્યાં સુધી હયાત ગૌચરને લાગુ જમીન કે તુરત જ નજીકની જમીન આપવાની રહેશે.

(D) જો માંગણીદાર દ્વારા આપવાની વૈકલ્પિક અન્ય સરકારી / ખાનગી જમીનની કિંમત વધારે થાય તો, સરકાર દ્વારા કોઈ તફાવતની રકમ ચુકવવાની રહેશે નહી. પરંતુ જો માંગણીવાળી ગૌચરની જમીનની કિંમત વૈકલ્પિક અન્ય સરકારી / ખાનગી જમીનની કિંમત કરતાં વધારે થાય તો, તફાવતની રકમ માંગણીદારે ચુકવવાની રહેશે.

(E) સરકારશ્રી દ્વારા જે ગૌચરની જમીન બદલા સ્વરૂપે આપવામાં આવે તે રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ-નિયમો તથા સૂચનાઓ અનુસાર નવી શરતે રહેશે.

(૪) **અન્ય બાબતો.**

A. ગૌચરની જમીનમાંથી પાઈપલાઈન પસાર થતી હોય તો, ગૌચરની જમીનને નુકશાન ન થાય તે રીતે વપરાશી હકકો આપવા માટે પ્રવર્તમાન બજાર કિંમતના ૧૦% રકમ વસુલ કરવાની રહેશે તથા ગૌચર વિકાસ ફંડમાં જંત્રીની રકમના ૪૦% રકમ રીવોલ્વીંગ ફંડમાં જમા કરવાની રહેશે.

B. નગરપાલિકાઓ, મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ગૌચર જમીનો નગરપાલિકા અધિનિયમ હેઠળ નકકી થયેલ માત્ર "ફરજિયાત" સેવાઓનો જાહેર હેતુઓ માટે જ ઉપયોગ કરી શકાશે.

ઉપયુક્ત ભાગ-૧ માં જણાવેલ ગૌચર ડેવલપમેન્ટ મિશનના અમલીકરણ તથા તેમાં જણાવેલ જોગવાઈઓ અંગેની આનુષંગિક તમામ કાર્યવાહી પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કરવાની રહેશે.

ભાગ-૨ માં જણાવેલ ગૌચર જમીનની ફાળવણી અંગેની તમામ કાર્યવાહી મહેસૂલ વિભાગે કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તારીખ:૧૨/૦૨/૨૦૧૫ની અને નાણાં વિભાગની તારીખ:૧૪/૦૨/૨૦૧૫ની સંમતીથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત ત્રિવેદી)
સંયુક્તસચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. રા.ક. મંત્રીશ્રી (પંચાયત)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્યસચિવશ્રી (મહેસૂલ)નું કાર્યાલય, સચિવાલય,ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે નાયબ કલેકટરશ્રીઓ
- સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે મામલતદારશ્રીઓ
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સેકશન અધિકારીશ્રી, અ, અ-૧, લ, લ-૧, જ અને ઝ શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સંગ્રહ.
- સિલેકટફાઈલ.

---------